જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૨/૨૦૧૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૨૫/૧૬</u>

## <u>મોજ શોખ ખાતર ટુ વ્હિલર ઉપર આવી રસ્તા ઉપર જતા લોકોના હાથમાંથી મોબાઈલ ઝુંટવી લેતા બે ઈસમોને પાંચ મોંઘી બ્રાંડના મોબાઈલ સાથે પકડી પાડી ગુન્હાનો ભેદ ઉકેલતી ક્રાઈમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધી બનતા ગુન્હાઓ શોધી કાઢવા સારુ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબનાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેકટર જે.એન.ઝાલા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.પી.કરેણ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.અલ્કેશસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે મોબાઈલ પર વાત કરતા જતા ઈસમોના હાથમાંથી મોબાઈલ છીનવી લેતા બનાવમાં સંડોવાયેલ બે ઈસમો જમાલપુર એ.એમ.ટી.એસ.વર્કશોપ તરફથી આવી પાલડી તરફ આવે છે જે બાતમી હકીકત આધારે જમાલપુર ચાર રસ્તા ઓવર બ્રીજ નીચે થી (૧) મુજીબુલ્લા અરબ દુલ્લાખાન પઠાણ રહે.મર્દાન મંજીલ ભીલવાસની સામે ખાનપુર અમદાવાદ (૨) ચિરાગઅલી હનિફભાઈ શેખ રહે. સામિયાના રેસી.સોનલ રોડ અમદાવાદને રોકી લઈ તેઓની ઝડતીમાંથી પાંચ મોંઘા ફોન કબજે કરેલ છે અને તેઓની સઘન પુછપરછ કરતા તેઓએ ઉસ્માનપુરા દરગાહ પાસેથી રાત્રે નવ વાગ્યાની આસપાસ તથા ઉસ્માનપુરા બસ સ્ટેન્ડ પાસેથી તથા ઈન્કમટેક્ષ પાસેથી ઉસ્માનપુરા રોડ પાસેથી આ મોબાઈલ ફોનોની ઝુંટવી લઈ ચોરી કરેલાની કબુલાત કરેલ છે અને જે બાબતે વાડજ પોલીસ સ્ટેશન ખાતેનો ગુન્હો શોધાયેલ છે,સદર આરોપીઓની સઘન પુછપરછ કરતા આરોપીઓ મોજશોખ માટે આવી ચોરીઓ કરતા હોવાની હકીકત જણાયેલ છે અને જે આરોપીઓનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી અને આગળની વધુ તપાસ પો.સ.ઈ. શ્રી એચ.પી.કરેણનાઓ ચલાવી રહેલ છે અને હજુ પણ બીજા ગુન્હાઓનો ભેદ ઉકેલાવાની શક્યતા રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રાજસ્થાન શીવગંજ પો સ્ટેશન હદ વિસ્તારમા સને 2014 મા થયેલ ખુનના ગુનામા નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમબ્રાન્ચ**

ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેરના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓની સુચનાથી એન્ટી ઓર્ગેનાઇઝ ક્રાઇમ સ્કોર્ડના પો.સબ.ઇન્સ.કે.જી.ચૌધરી તથા માણસો તા 01/02/16 ના રોજ અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગ દરમ્યાન પો.કોન્સ.ધર્મેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ નાઓની બાતમી આધારે શીવગંજ પો સ્ટેશન ફ્સ્ટઁ ગુ.ર.નં.90/14 ઇ.પી.કો.કલમ 302,34 મુજબના ગુનામા નાસતા ફરતા આરોપી વચનારામ @ વિજયકુમાર સન/ઓફ લચ્છીરામ મુંગીયા ઉ.વ.25 રહે.સોનલ ડેકોરેશન સેકટર 2 ચાણક્યપુરી ઘાટલોડિયા અમદાવાદ મુળગામ : જાડોલી તા:પીંડવાડા જી: સિરોહી રાજસ્થાન નાને પકડી અટક કરવામા આવેલ છે ઉપરોકત આરોપીના લગ્ન રાજસ્થાનમા સને 2014 મા થયેલ હતા ઉપરોકત આરોપીની પત્નિ પોતાની સાથે રહેતી ન હતી અને તેના પિયરમા વધુ રહેતી હતી તેણીને તેના પિયરના પ્રકાશ સાકલારામ નામની વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હતો અને ઉપરોકત આરોપી આ આડાસંબંધો નહિ રાખવા વારંવાર કહેવા છતા તેણીએ આ સંબંધો ચાલુ રાખેલ જેથી ઉપરોકત આરોપીએ તેની પત્નિના પ્રેમીને મારી નાંખવાનો વિચાર લાવી સને 2014ના એપ્રિલ માસમા રાજસ્થાન શીગવજ ગામે મુંગીયા સમાજના ભરાતા મેળામા પોતાની પત્નિ તથા તેના પ્રેમીને એકસાથે ફરતા જોતા નજીકમા આવેલ પેટ્રોલ પંપ પરથી પાણીની બોટલમા પેટ્રોલ ભરી લાવી ચલ તને મારી પત્નિ બોલાવે છે તેમ કહી પ્રકાશ શાકલારામને નજીકમા આવેલ નદીમા લઇ જઇ પેટ્રોલ છાંટી સળગાવી દઇ હત્યા કરી નાસી છુટેલ અને શીવગંજ પો સ્ટેશનમા આ બાબતે ફ્સ્ટઁ ગુ.ર.નં.90/14 ઇ.પી.કો.કલમ 302,34 નો ગુનો દાખલ થયેલ હોય ઉપરોકત આરોપી છેલ્લા બે વર્ષથી આ ગુનામા નાસતો ફરતો હોય તેને અટક કરી રાજસ્થાન શીવગંજ પો સ્ટેશનને સોપવા તજવીજ કરવામાં આવેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)